# GMERS MEDICAL COLLEGE & HOSPITAL VADNAGAR
Kharvad Medan, Sipor Road,Vadnagar-384355,Mehsana (Gujarat)

## સિનીયર/જુનિયર રેસિડેન્ટના વોકઈન ઈન્ટરવ્યુ માટે જરૂરી સુચનાઓ

ચીફ એક્ઝીક્યુટીવ ઓફિસરશ્રી, જી.એમ.ઈ.આર. સોસાયટી ગાંધીનગરના પત્ર ક્રમાંક:- મકમ/નમક/જુનિ.સીની.રેસી./ અ ૨/૧૯ તા:-૨૯/૦૫/૨૦૧૯ અન્વયે જુનિયર અને સિનીયર રેસીડેન્ટના વોક ઈન ઈન્ટરવ્યુ અંગે અત્રેની જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજ અને હોસ્પિટલ વડનગર ખાતે પ્રથમ, અઠવાડીયાના ગુરુવાર થી શુક્રવાર સુધી જે ઉમેદવારોની અરજીઓ મળેલ હોઈ તે અરજીઓ પૈકી તેમાંથી મેરીટ યાદી તૈયાર કરી પસંદગી પામેલ ઉમેદવારોની પસંદગી યાદી પત્રક તૈયાર કરી માસના બીજા મંગળવારે ઈન્ટરવ્યુ ગોઠવવામાં આવશે.અને ત્રીજા અઠવાડીયાના ગુરુવાર થી શુક્રવાર સુધી જે ઉમેદવારોની અરજીઓ મળેલ હોઈ તે અરજીઓ પૈકી તેમાંથી મેરીટ યાદી તૈયાર કરી પસંદગી પામેલ ઉમેદવારોની પસંદગી યાદી પત્રક તૈયાર કરી માસના ચોથા મંગળવારે ઈન્ટરવ્યુ ગોઠવવામાં આવશે .

1. ઉમેદવારે રેસીડેન્ટ ઈન્ટરવ્યુના ફોર્મ અત્રેની કચેરીએથી અથવા અત્રેની વેબ સાઈટ પરથી મેળવવાના રહેશે . અનેચેકલીસ્ટ પ્રમાણે ડોક્યુમેન્ટની નકલો જોડવાની રહેશે. અરજી ફોર્મ અત્રેની કચેરીએ આપવાના રહેશે . ડોક્યુમેન્ટ ચકાસણી દરમ્યાન ડોક્યુમેન્ટ અધુરા માલુમ પડશે કે અરજીની વિગતો ખોટી અધુરી માલુમ પડશે તો આપની અરજી રદ થશે.આ અંગેની સઘળી જવાબદારી જે તે ઉમેદવારની રહેશે,
2. ઈન્ટરવ્યુ ના દિવસે જે તે વિભાગમાં ખાલી પડેલ જગ્યાઓનુ જ ઈન્ટરવ્યુ લેવામાં આવશે.
3. જુનિયર રેસીડેન્ટ માં જે વિભાગમાં નિમણુંક લેવાની હોય તે વિભાગ સ્પષ્ટ લખવાનો રહેશે.
4. જો માસના બીજા અને ચોથા મંગળવારે જાહેર રજા હશે તો તેના પછી બીજા દિવસે (બુધવારે) વોક-ઈન ઈન્ટરવ્યુ રાખવામાં આવશે.
5. ઈન્ટરવ્યુમાં પસંદગી ન પામેલ ઉમેદવારોએ ફરીથી નવેસરથી ઈન્ટરવ્યુ માટે અરજી કરવાની રહેશે
6. ઉપર મુજબ સુચનાઓ ખાસ ધ્યાન થી વાંચીને અરજદારોએ અરજીઓ કરવાની રહેશે.